દાખલ તારીખ : ૧૩/૦૧/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૧૩/૦૧/૨૦૨૨
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૪– ૦૧– ૨૨

# એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ માં, મુ.રાધનપુર

ફોજદારી કેસ નં.૬૫/૨૦૨૨
આંક : **૪૩**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** (૧) પાંચાભાઈ રાજાભાઈ રબારી, ઉ.વ.૩૦,
(૨) દેવકણભાઈ વિરમભાઈ રબારી, ઉ.વ.૩૦,
(૩) વિરમભાઈ લક્ષ્મણભાઈ રબારી, ઉ.વ.૬૨,
તમામ રહે.સાતુન, તા.રાધનપુર, જી.પાટણ

**ગુનો : ઈ.પી.કોડ ની કલમ ૩૨૩,૫૦૪, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫ મુજબ.**

---

ફરીયાદીપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.એચ.મુલાણી

---

**ઠ રા વ**

**(૧)** આ કામે ફરીયાદપક્ષ ના કેસ ની ટુંક માં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ થી ૩ એ ફરીયાદીને કહેલ કે,''કેમ અમારી શેરીમાંથી મોટર સાઈકલ લઈ નિકળેલ અને અમારા દિકરા ને અડફેટ માં લઈ બાઈક ઉભુ રાખેલ ન હતુ'' તેમ કહી આરોપી નં.૧, ૨ નાએ પોતાના હાથ માં લાકડી લઈ ફરીયાદીને મારા મારી તથા આરોપી નં.૩ નાએ ગડદાપાટુનો માર મારી ડાબા હાથ ની કોણી તથા શરીરે ઈજાઓ કરી, ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, પાટણ ના હથીયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ તે મતલબની ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ રાધનપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા, તે અંગે રાધનપુર પોલીસ સ્ટેશન માં

ગુનો રજીસ્ટર્ડ થતાં તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી પુરતા પુરાવા મળી આવતા અત્રે ની અદાલત માં ઈ.પી.કોડ ની કલમ ૩૨૩,૫૦૪,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ ના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) આરોપીઓને પ્રોસેસ ની બજવણી થતા, આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો પુરી પાડી આંક ૦૪ થી તહોમતનામું ઘડી આરોપીઓની આંક–૫ થી ૭ સુધી નિવેદન નોંધતાં આરોપીઓએ ગુનાનો અસ્વીકાર કરતા, સદર કામ ફરીયાદપક્ષ ના પુરાવા ના તબકકે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવા માં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| અનુ. | નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ચેતનભાઈ ભેમાભાઈ ઠાકોર ની જુબાની | ૧૪ |
| ૨ | સાહેદ ભેમાભાઈ પ્રાણભાઈ ઠાકોર ની જુબાની | ૨૯ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૬ |
| ૩ | મારક હથીયાર કબજે કર્યાનું પંચનામું | ૩૭ |
| ૪ | ફરીયાદીને થયેલ ઈજાની સારવાર કર્યાનું મેડીકલ સર્ટીફીકેટ | ૩૮,૩૯ |
| ૫ | હથીયારબંધીનું જાહેરનામું | ૪૦ |

(૪) ફરીયાદપક્ષ દવારા આ કામે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરવા માંગતા નહી હોવાનું આંક ૪૨ ની પુરસીસ થી જાહેર કરતા, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે તથા સાથોસાથ ફરિયાદી (ભોગબનનાર) તથા આરોપીઓ ની સમાધાન પુરસીસ આંક ૪૧ થી રજુ થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૨૦ મુજબ ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,૨૯૪

''ખ'' ના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે જયારે બિન–સમાધાનપાત્ર ગુન્હા નો ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે તે જ રીતે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ના આધારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોય, આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી ની દલીલો સાંભળી આમ આ કેસ નિર્ણીત કરવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**॥ મુદ્દા ॥**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૩ ના ઓ એ ફરીયાદીને કહેલ કે, ''કેમ અમારી શેરીમાંથી મોટર સાઈકલ લઈ નિકળેલ અને અમારા દિકરાને અડફેટમાં લઈ બાઈક ઉભુ રાખેલ ન હતુ'' તેમ કહી આરોપી નં.૧, ૨ નાએ પોતાના હાથ માં લાકડી લઈ ફરીયાદીને મારા મારી તથા આરોપી નં.૩ ના એ ગડદાપાટુનો માર મારી ડાબા હાથની કોણી તથા શરીરે ઈજાઓ કરી,ગાળો બોલી,જાન થી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી અધિક જીલ્લા મેજી.શ્રી, પાટણ ના હથીયારબંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓ એ ઈ.પી. કોડ ની કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

(૫) ઉપરોકત મુદ્દા અન્વયેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દા નં.૧ :–**

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે ફરીયાદી ચેતનભાઈ ભેમાભાઈ ઠાકોર ને આંક–૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ધોરણ–૮ સુધી ભરેલ છે. તેઓના લગ્ન થયેલા છે અને તેઓને સંતાન માં એક દિકરી છે. સને ૨૦૨૧ ની સાલમાં તેઓ ડોકટર હાઉસમાં કેસ બારી પર નોકરી કરતા હતા. બનાવ તા.૨૬/૦૧

/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવ ના દિવસે તેઓ સવારે સાડા નવ વાગે તેઓના ઘર સાતુન મુકામે થી રાધનપુર તેઓની ફરજ ઉપર જતા હતા. ત્યારે સાતુનથી રાધનપુર વચ્ચે કેનાલ ઉપર,પાંચાભાઈ રાજાભાઈ રબારી, દેવકરણભાઈ વિરમભાઈ રબારી, વિરમભાઈ લક્ષ્મણભાઈ રબારી તેઓત્રણેય જણાં ત્યાં રોડ ઉપર હાજર હતા.જેમાંથી વિરમભાઈ લક્ષ્મણભાઈએ તેઓનું મોટર સાયકલ ઉભું રખાવી, પાંચાભાઈ રાજાભાઈ રબારીએ તેઓને કહેલ કે, ''કાલે તું મારી શેરી માં થી મોટરસાયકલ લઈને નીકળેલો ત્યારે મારા છોકરાને કેમ અડફેટે લીધેલો,'' તેમ કહી પાંચાભાઈ રાજાભાઈ રબારી મા-બહેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલા અને પાંચાભાઈ રબારીએ તેના હાથમાંની લાકડી તેઓને ડાબા હાથની કોણી ઉપર મારેલી. દેવકરણભાઈ વિરમભાઈ રબારી એ તેઓ ને બરડામાં લાકડી અને શરીરે ગડદાપાટુનોમાર મારેલો. લક્ષ્મણ-ભાઈ વિરમભાઈ રબારીએ પણ તેઓને ગડદાપાટુનો માર મારેલો. પછી તેઓ ના પિતા આવી જતાં તેઓને વધુ મારમાંથી છોડાવેલ. આરોપીઓ જતા જતા કહેતા હતા કે, ''આજે તો તું બચી ગયો છે, લાગ આવે તને જાન થી મારી નાખીશું.'' ત્યારબાદ આરોપીઓ જતાં રહેલા અને તેઓના પિતા તેઓને ખાનગી વાહન માં રાધનપુર સરકારી દવાખાને લઈ ગયેલા. રાધનપુર રેફરલ હોસ્પિટલ માં થોડી સારવાર કર્યા બાદ તેઓને સીટી સ્કેન માટે ધારપુર હોસ્પિટલ મોકલેલા.ધારપુર માં ૨૬ મી જાન્યુઆરી હોવાના કારણે તેઓનુ સીટી સ્કેન અને એક્ષ-રે ન થવાના કારણે તેઓ પરત રાધનપુર શ્રધ્ધા હોસ્પિટલમાં આવેલા અને શ્રધ્ધા હોસ્પિટલ માં ઓર્થોપેડીક ડોકટર હાજર ન હોવાના કારણે શ્રીજી હોસ્પિટલ માં લઈ ગયેલા. શ્રી જી હોસ્પિટલ માં તેઓ ત્રણ ચાર દિવસ તેઓની સારવાર ચાલેલી.બનાવસબંધે તેઓએ ફરિ-યાદ શ્રધ્ધા હોસ્પિટલ માં થી આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે જે અસલ ફરીયાદ આંક.૧૫ થી રજુ કરે છે. આરોપી ઓ ને ઓળખે છે. જેઓ આજ રોજ નામ.કોર્ટ માં હાજર નથી.આરોપીઓનો આજ રોજ હાજરી મુકિત રીપોર્ટ હોઈ આરોપીઓના વિ.વ.શ્રીએ ઓળખ અંગેની તકરાર જતી કરેલાની નોંધ કરવામાં આવેલ છે. તેઓએ ફરીયાદ આપ્યા બાદ તા.૦૨/૦૨/૨૦૨૧ ના રોજ પોલીસે ફરીવાર તેઓની પુછપરછ કરેલી. તેઓને આરોપીઓએ જે લાકડીઓ વડે માર મારેલો તે લાકડીઓ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. પાંચાભાઈ રાજાભાઈ રબારીના હાથમાં જે લાકડી હતી તે વાંસની હતી જે લગભગ સાડા ત્રણ ફુટ જેટલી લાંબી હતી જે ત્રણ ગાંઠોવાળી હતી. દેવકરણભાઈ વિરમભાઈ રબારીના હાથમાં લાકડી હતી જે લાકડી પણ વાંસની હતી જે

લગભગ સાડા ત્રણ ફુટ જેટલી હતી જે ત્રણ ગાંઠોવાળી હતી. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી બતાવવામાં આવે છે જે જોઈ જણાવે છે કે આ તે જ લાકડી છે જે પાંચાભાઈ રાજાભાઈ રબારી ના હાથ માં હતી અને આ જ લાકડી વડે તેઓને તેમણે માર મારેલો. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ વાળી બતાવવામાં આવે છે જે જોઈ જણાવે છે કે આ તે જ લાકડી છે જે પાંચા ભાઈ રાજાભાઈ રબારીના હાથમાં હતી અને આ જ લાકડી વડે તેઓને તેમણે માર મારેલો. હવે તેઓ કહે છે કે, આર્ટીકલ નં.૧ વાળી દેવકરણભાઈ વિરમભાઈ રબારીના હાથમાં હતી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, બનાવ પહેલાં ત્રણ–ચાર મહીના અગાઉ સુધી તેઓ ડોકટર હાઉસમાં ફરજ બજાવતા હતા. ડોકટર હાઉસ માં તેઓની ફરજનો સમય સવારે સાડા નવથી સાડા સાત–આઠ વાગ્યા સુધીનો હતો. બનાવના દિવસે શિયાળા નો સમય હતો. બનાવ સમયે વાહનોની અવર જવર ચાલુ હતી. તેઓનો જન્મ સાતુન ગામ માં થયેલો છે, તેઓ જન્મથી જ સાતુન ગામમા રહે છે. સાતુન ગામમાં ઠાકોર સમાજના અંદાજે ૨૦૦ થી ૩૦૦ ઘર હશે. આરોપીઓ તેઓના ગામના છે. આરોપીઓ તેઓના ગામના હોવાથી બનાવ પહેલાથી તેમને ઓળખે છે. તેઓને જે ખાનગી વાહનમાં દવાખાને લઈ ગયેલા તે વાહન નો નંબર શું હતું, તેના માલિક કોણ હતા અને ડ્રાઈવર કોણ હતો તેની તેઓને ખબર નથી. તેઓ  રેફરલ હોસ્પિટલમાં ૧૦ થી ૧૫ મીનીટ રોકાયેલા. રાધનપુરથી ધારપુર ખાનગી વાહન માં ગયેલા.તે વાહનનો નંબર શું હતો, તેના માલિક કોણ હતા અને ડ્રાઈવર કોણ હતો તેની તેઓને ખબર નથી. ધારપુરથી આગળ પાટણમાં ઘણી બધી હોસ્પિટલો આવેલી છે. પાટણમાં સીટી સ્કેન વિગેરેની સારી સુવિધાવાળી હોસ્પિટલ છે. બનાવ બન્યો તે દિવસે પ્રજાસત્તાક દિવસ હતો. તેઓના ગામ માં પણ સ્કુલ માં ધ્વજવંદન નો કાર્યક્રમ થાય છે. આ ધ્વજવંદનનો કાર્યક્રમ સવારે લગભગ નવ વાગે હોય છે. આ કાર્યક્રમ માં ગામના માણસો તથા આજુબાજુના ગામના માણસો ધ્વજવંદનમાં આવતા હોય છે. ડોકટર હાઉસમાં તેઓની ફરજ કેસ બારીમાં બેસી કેસ કાઢવાની હતી. ડોકટર હાઉસ કોની માલિકીનું છે તેની તેઓને ખબર નથી. તેઓને ડોકટર સુનીલભાઈ મહેશ્વરીએ નોકરીએ રાખેલા. આ હોસ્પિટલ માં ત્રણ જણાનો સ્ટાફ હતો. ડોકટર હાઉસ એ મોટુ બિલ્ડીંગ છે. ડોકટર હાઉસ જુનું છે અને તેઓની નોકરી શરુ થઈ તેના ઘણા વર્ષ પહેલા બનેલ છે. ડોકટર હાઉસમાં રાધનપુરથી અને આજુબાજુ ના ગામડાઓ માં થી પેશન્ટ અન્ય ડોકટરો દવારા રીફર થઈને આવતાં હોય છે.

જે પેશન્ટ રીફર થઈને આવે તે સૌપ્રથમ તેઓની પાસે કેસ કઢાવવા આવતાં હતાં. બનાવના દિવસે તેઓ સવારે સવા નવ વાગે ઘરેથી નીકળેલા. તેઓના પરીવારમાં તેઓ તથા તેઓના મમ્મી–પપ્પા, તેઓના પત્ની, તેઓના ભાઈ રહે છે. તેઓ ઘરેથી નીકળ્યા તે પહેલાં તેઓના પિતા ઘરેથી નીકળી ગયા હતા. તેઓ ઘરેથી નીકળ્યા પછી તેઓને સીધા નોકરીએ જવાનુ હતું. તે વખતે તેઓ મોબાઈલ રાખતા હતા. તેઓનો મોબાઈલ નં.૭૭૭૭૯ ૫૫૨૯૯ નો હતો. બનાવ બન્યો તેના આગળના દિવસે પણ તેઓ તેઓની ફરજ ઉપર ગયેલ. તેઓ ફરજ ઉપર જાય છે ત્યાં તેઓની હાજરી પત્રક રાખવામાં આવતું ન હતું. તેઓ જે બાઈક લઈને નીકળેલા તે બાઈકનો નં.જીજે.૨૪.૬૦૯૮ નો હતો. આ બાઈક તેઓના નામનું છે. બાઈક ઉપર તેઓ એકલા જ હતા. બનાવમાં તમને લાકડીનો જે માર મારેલો તે ખુબ જ જોશથી વાગેલો ? જેના જવાબ માં તેઓએ જણાવેલ છે કે, ફ્રેકચર થઈ જાય એટલું જોશથી નહીં પણ થોડો ઓછો વાગેલો.તેઓએ જણાવેલ છે કે,બનાવમાં તેઓને કુલ–૨ ઈજાઓ થયેલી. તેઓને કાન માં લોહી નથી નીકળ્યું, કોણી ઉપર થોડું નીકળેલું. તેઓનો બુશર્ટ લોહીવાળો થયેલો. આ ઝઘડો આશરે બે–ત્રણ મીનીટ ચાલેલો. બનાવ વખતે અને બનાવ પછી તેઓ સંપુર્ણ ભાનમાં હતા. બનાવ બાદ તેઓએ સ્થળ ઉપરથી તેઓના પિતાને ફોન કરેલો. તેઓના પિતાના કયા નં બર ઉપર તેઓએ ફોન કરેલો તે હાલ યાદ નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓના પિતા નો જુનો નંબર હાલ બંધ થઈ ગયેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓએ તેઓના પિતા સિવાય બીજા કોઈને ફોન કરેલો નથી. તેઓએ તેઓના પિતાને ફોનમાં કહેલું કે, ''ઝઘડો થયો છે, મને માર્યો છે તમે જલદી આવો.'' તેઓએ ફોન કર્યો ત્યારે તેઓના પિતા ચોકકસ કયાં હતાં તેની તેઓને ખબર નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, ગામ માં કોઈ જગ્યાએ હતા. તેઓ એ જણાવેલ છે કે, તેઓના પિતા લગભગ દસેક મીનીટ માં આવી ગયેલા. તેઓના પિતા કોઈક ના બાઈક માં આવેલા. તેઓને કોના બાઈકમાં લઈ ગયેલા તેની તેઓએ કોઈ પુછપરછ કરી ન હતી. તેઓએ ફોન કરતાં તેઓના પિતા આવી ગયા હતા તેવી વાત તેઓ એ પોલીસ ને કરેલી. ત્યાં બધી વસ્તી ભેગી થઈ ગયેલી હતી એટલે તે ભાઈને જોયેલા નહીં. જે વસતી ભેગી થયેલી તેમાં દસેક માણસો હતા. તે વખતે તેઓએ બનાવની બધી વાત તેઓના પિતાને કરેલી. તે વખતે તેઓ જે બાઈક લઈને ગયા હતા તે બાઈક પાર્ક કરેલું હતું,પડી ગયેલું ન હતું. તેઓના પિતા આવ્યા પછી તેઓ લગભગ દસ–પંદર મીનીટ સ્થળ ઉપર રોકાયેલા. તે વખતે તેઓ સ્વસ્થ થઈને ઉભા હતા, ભોંય ઉપર પડેલા ન હતા. પછી બનાવ સ્થળેથી

તેઓએ રાધનપુર રેફરલ હોસ્પિટલ ગયેલા. તેઓને જે ખાનગી વાહન માં રાધનપુર હોસ્પિટલ લઈ ગયેલા તે વાહન રીક્ષા હતી.સાતુન ગામમાં રીક્ષાઓ છે.સાતુન માં કોની કોની પાસે રીક્ષા છે તેની તેઓને ખબર નથી. જે જગ્યાએ બનાવ બનેલો ત્યાંથી તેઓનું ગામ સાતુન નજીક છે અને રાધનપુર દુર છે. ત્યાં ભેગા થયેલા માણસોએ રીક્ષા બોલાવેલ. આ રીક્ષા ત્યાં ભેગા થયેલા માણસોમાંથી જ કોઈકની હતી. તેઓને પકડી ને રીક્ષા માં બેસાડેલ. તેઓ ને બે જણાએ પકડીને બેસાડેલ. આ બે જણામાં એક તેઓના પિતા હતા અને બીજા કોણ હતા તેની તેઓને ખબર નથી. પછી તેઓ, તેઓના પિતા, રીક્ષાવાળા અને તેઓને બીજા જે માણસે રીક્ષામા બેસાડેલા એમ તેઓ ચાર જણાં દવાખાને ગયેલા. તેઓ સાડા દસ આસપાસ દવાખાને પહોંચેલા. દવાખાને પહોચ્યા બાદ તેઓને સારવાર માટે સીધા રુમ માં લઈ ગયેલા. તેઓ ને એ વાત ની ખબર નથી કે, દવાખાના માં તેઓનો કેસ તેઓના પિતાએ કઢાવેલો. તેઓએ જણાવેલ છે કે,તેઓના સગા સબંધીઓ હોસ્પિટલમાં આવી ગયેલા. દવાખાને જે સગા સબંધીઓ આવી ગયેલા તેમાં તેઓના ભાઈ ધીરુભાઈ,દિનેશભાઈ વિગેરે ઘણા હતા. તમારો કેસ તમારા પિતા અથવા સગા સબંધીઓ પૈકી કોઈકે કઢાવેલો પરંતુ તેનો નામ તમને ખબર નથી ? જેના જવાબ માં તેઓએ જણાવેલ છે કે,કેસ તેઓના પિતાએ કઢાવેલો. તેઓ એ જણાવેલ છે કે, બનાવ સ્થળથી દવાખાને પહોચતા આશરે ૨૦ મીનીટ જેટલો સમય થાય.સરકારી દવાખાને તેઓની કોઈ વિશેષ સારવાર કરેલી નહીં. રાધનપુર માં સીટી સ્કેન ની વ્યવસ્થા નથી તેવુ તેઓને ડોકટર સાહેબે કીધેલુ. ડોકટરે તેઓને સીટી સ્કેન ની વ્યવસ્થા નહી હોવાનું જણાવતાં તેઓએ પણ ધારપુર દવાખાને જવા સંમતિ આપેલી. રાધનપુર માં મોટા પ્રાઈવેટ દવાખાના છે.  રાધનપુરમાં પ્રાઈવેટ ઓર્થોપેડીક હોસ્પિટલ પણ છે. આ હોસ્પિટલ માં એક્ષ–રે વિગેરેની પણ વ્યવસ્થા છે. તે સમયે આસ્થા હોસ્પિટલમાં ઓમ ઈમેજીન સેન્ટર પણ ચાલુ હતું જેમાં એક્ષ–રે, સીટી સ્કેન વિગેરેની વ્યવસ્થા હતી. તેઓ ધારપુર પહોંચ્યા ત્યાં સુધી તેઓએ પોલીસનો કોન્ટેકટ કરેલો નહીં તેમજ પોલીસે પણ તેઓનો કોન્ટેકટ કરેલો નહીં.તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓના પિતાએ કોન્ટેકટ કરેલો છે. તેઓએ જણાવેલ છે કે, તેઓના પિતાએ રાધનપુર પોલીસ સ્ટેશનમાં કોન્ટેકટ કરેલો. તેઓના પિતાએ બનાવ ના દિવસે લગભગ પોણા અગીયાર વાગે પોલીસનો કોન્ટેકટ કરેલો. તેઓના પિતાએ પોલીસ નો કોન્ટેકટ કરેલો છે તેની જાણ પોલીસ ફરીયાદ લેવા આવેલી ત્યારે થયેલી. તેઓના પિતાએ પોલીસ નો કોન્ટેકટ કરેલો છે તેવું તેઓને પોલીસે કહેલું. ''તમારા પિતા

એ બનાવ ની જાણ અમને કરેલી છે.'' વધુમાં તેઓએ જણાવેલ છે કે,પોલીસ શ્રધ્ધા હોસ્પિટલ માં તેઓની ફરીયાદ લેવા આવેલી ત્યારે પોલીસે તેઓને આ વાત કરેલી. બનાવ પછી તેઓ રેફરલ હોસ્પિટલ પહોચ્યા ત્યારે લગભગ દસ વાગ્યા હતા. તેઓ જે ખાનગી વાહન માં હોસ્પિટલ ગયેલા તે વાહન રીક્ષા હતી. આ રીક્ષા કમાલપુર બાજુ થી બનાવ સ્થળ ઉપર આવેલી. આ રીક્ષા કોણ ચલાવતુ હતુ અને તેનો નંબર શુ હતો તેની તેઓને ખબર નથી. બનાવ બન્યા ના દસેક મીનીટ માં આ રીક્ષા ત્યાં આવેલી. રીક્ષા આવી ત્યારે તેઓને લોહી વહેવાનુ ચાલુ હતુ. રીક્ષાવાળાએ રીક્ષામા બેસાડવામા મદદ કરેલી. તેઓના કપડા લોહીવાળા થયેલા હતા. બનાવ વખતે તેઓએ પેન્ટ અને શર્ટ પહેરેલ હતા, તેઓનું શર્ટ લોહીવાળુ થયેલુ. ત્યાં ભેગા થયેલા લોકો પૈકી કોઈકે રીક્ષા ઉભી રખાવી હતી. આ રીક્ષા મુળ રાધનપુરની હતી કે કેમ તે તેઓને ખબર નથી. તેઓને એ વાતની ખબર નથી કે દરરોજ રાધનપુરથી કમાલપુરના ફેરા કરતી રીક્ષા પૈકીની આ રીક્ષા હતી. તેઓએ જણાવેલ છે કે, આ રીક્ષામા તેઓ અને તેઓ ના પિતા અને ડ્રાયવર આ ત્રણ જ બેઠા હતા. રેફરલ હોસ્પિટલ પહોચ્યા ત્યાં સુધી તેઓને લોહી નીકળવાનુ ચાલુ હતુ. તેઓ સ્વેચ્છા એ જણાવે છે કે દબાવી રાખેલુ હતુ. તેઓએ જણાવેલ છે કે, રેફરલ હોસ્પિટલમા તેઓ દસ-પંદર મીનીટ રોકાયેલા. તેઓ ને ઈમરજન્સી ડ્રેસીંગ રૂમ માં લઈ ગયેલા. ત્યારે તેઓના પિતા કેસ કઢાવાની અને ડોકટર ને બોલાવી વાતચીત કરવાની કામગીરી કરતા હતા. રેફરલ હોસ્પિટલથી સીધા પાટણ ગયેલા. આરોપીઓ સાથે તેઓને કોઈ અદાવત ન હતી. બનાવ પહેલા તેઓને અને આરોપીઓ વચ્ચે પરસ્પર કોઈ કેસ થયેલા હોય તેવુ બનેલ નથી. બનાવ વખતે તેઓ ડોકટર હાઉસમાં કેસ બારી ઉપર નોકરી કરતા હતા. તેઓએ આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.ર તરીકે ભેમાભાઈ પ્રાણભાઈ ઠાકોરને આંક-ર૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે,તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, ફરીયાદી ચેતનભાઈ તેઓનો દિકરો થાય છે. બનાવ તા.ર૬/૦૧/ર૦ર૧ ના રોજ બનેલ. બનાવ વખતે સવારના આઠથી નવ વાગ્યાના અરસા માં તેઓ તેઓના ખેતરે હતા ત્યારે તેઓના ભત્રીજા આશારામ એ મોબાઈલ ફોનથી તેઓને જણાવેલ કે સાતુનથી રાધનપુર આવતા રસ્તે આવેલ કેનાલ ઉપર વિરમ રબારી, દેવકરણ રબારી, પાંચા રાજા રબારીએ લાકડી વડે ચેતનને મારીને ભાગી ગયેલ છે. તેથી તેઓ તરત જ બનાવ સ્થળે આવેલ જ્યાં તેઓનો દિકરો ચેતન બેભાન હાલતમાં જમીન પર પડેલ હતો તેને ડાબા હાથે કોણીના ભાગે તથા મોઢા પર લોહી નીકળતુ હતુ. તેઓ

ગયેલ ત્યારે આશારામ ત્યાં હાજર હતો. ત્યારબાદ આશારામ તેઓના દિકરાને ખાનગી વાહન માં બેસાડી રાધનપુર સીવીલ હોસ્પીટલમાં લઈ આવેલ પાછળ પાછળ તેઓ પણ રાધન પુર સીવીલ હોસ્પીટલ માં આવેલ. રાધનપુરથી તે જ દિવસે તેઓના દિકરાને વધુ સારવાર માટે ધારપુર લઈ ગયેલ. ત્યાં થી શ્રી જી ખાનગી હોસ્પીટલમાં તેઓના દિકરાને સારવાર માટે દાખલ કરેલ. આ બનાવની તેઓના દિકરાએ ફરિયાદ આપેલ પોલીસે તેઓનો જવાબ લીધેલ. આરોપીઓને તેઓ ઓળખે છે આજે કોર્ટ માં હાજર છે.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેઓનુ ખેતર તેઓના ઘર થી એક કિ.મી. દુર આવેલ છે. આ દિવસે તેઓ સવારના આઠથી નવના ગાળામાં ખેતરે ગયેલ. તેઓ સાયકલ લઈને ખેતરે ગયેલ. તેઓના ઉપર સવારના નવથી સવા નવ વાગ્યે ફોન આવેલ. એ વખતે તેઓ ખેતરમાં દિવા કરતા હતા. તે વખતે તેઓ દીવા કરતા હોય ફોન ઉપાડી શકેલ નહી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, ફરીથી ફોન આવેલ ત્યારે તેઓએ ઉપાડેલ. તેઓએ જણાવેલ છે કે, પહેલા આવેલ ફોન તથા બીજીવાર આવેલ ફોનની વચ્ચે અડધો કલાક નો સમય હશે. આશારામનો ફોન નંબર તેઓએ તેઓના ફોનમાં નામથી સેવ કરેલ હતો કે કેમ તે તેઓને ખબર નથી. તેઓ ખેતરે આંટો મારવા ગયેલ. ખેતરમાં અષાઢી વાવેતર હતુ. તેઓને ફોન પર સમાચાર મળ્યા બાદ તેઓએ આ બાબતે બીજા કોઈને ફોન કરેલ નહી. પોલીસે બનાવ બાબતે તેઓનો જવાબ લીધેલ. આશારામ એ મોબાઈલ ફોનથી તેઓને જણાવેલ કે સાતુનથી રાધનપુર આવતા રસ્તે આવેલ કેનાલ ઉપર વિરમ રબારી, દેવકરણ રબારી, પાંચા રાજા રબારીએ લાકડી વડે ચેતનને મારીને ભાગી ગયેલ છે તેવુ તેઓએ પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. તેઓ તરત જ બનાવ સ્થળે આવેલ જયાં તેઓનો દિકરો ચેતન બેભાન હાલત માં જમીન પર પડેલ હતો તેને ડાબા હાથે કોણીના ભાગે તથા મોઢા પર લોહી નીકળતુ હતુ તેવુ તેઓએ પોલીસને લખાવેલ. આશારામનો ફોન આવ્યા બાદ પંદરેક મીનીટ પછી તેઓ નીકળેલ. તેઓની સાથે બીજુ કોઈ હતુ નહી. તેઓ ખેતરેથી સાયકલ લઈ બનાવ સ્થળે આવેલ.તેઓના ખેતરેથી બનાવ સ્થળ બે થી અઢી કિ.મી. દુર હશે. ખેતરેથી બનાવ સ્થળે પહોચતાં આશરે અડધો કલાક લાગેલ ? જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ખેતરેથી સાયકલ લઈ ઘેર ગયેલ અને ઘેર સાયકલ મુકી રીક્ષામાં બેસી બનાવ સ્થળ ગયેલ. તેઓએ જણાવેલ છે કે, ઘરે પહોચ્યા પછી રીક્ષા મળવાની તેઓએ રાહ જોયેલ. તેઓને પંદરેક મિનીટ રાહ જોવી પડેલ. રીક્ષા સાતુન તરફથી આવેલ. રીક્ષા તેઓના ગામની હતી. રીક્ષા કોની

હતી ? જેના જવાબ માં તેઓએ જણાવેલ છે કે, રીક્ષા રાધનપુરથી સાતુન પેસેન્જર લઈ આવે તે પેસેન્જર ઉતારી આવે તે રીક્ષામાં તેઓ બેસી ગયેલ. તેઓએ જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.આરોપીઓ તથા તેઓ એક જ ગામના છે. તેઓને અને આરોપીઓને રોજબરોજ ગામના રહીશ તરીકે મળવાનુ થાય છે. આરોપીઓની તેઓને કે તેઓના દિકરા ચેતનભાઈ ને કોઈ બીક લાગતી નથી. તેઓએ આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૮) આમ, ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષ તરફે તપાસેલ ફરીયાદી તથા સાહેદ ભેમાભાઈની જુબાની નું આક્ષેપિત ગુન્હા સબબ મુલ્યાંકન કરવામાં આવે તો સાહેદ નં.૧ ચેતનભાઈ ભેમા ભાઈ ઠાકોર ના એ તેઓની જુબાની માં આક્ષેપિત બનાવ માં આરોપીઓ જતા જતા કહેતા હતા કે,''આજે તો તું બચી ગયો છે,લાગ આવે તને જાનથી મારી નાખીશું.''તેઓએ ફરીયાદ આપ્યા બાદ તા.૦૨/૨/૨૦૨૧ ના રોજ પોલીસે ફરીવાર તેઓની પુછપરછ કરેલી. તેઓને આરોપી ઓએ જે લાકડીઓ વડે માર મારેલો તેલાકડીઓતેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. પાંચાભાઈ રાજાભાઈ રબારી ના હાથ માં જે લાકડી હતી તે વાંસની હતી જે લગભગ સાડા ત્રણ ફુટ જેટલી લાંબી હતી જે ત્રણ ગાંઠોવાળી હતી. દેવકરણભાઈ વિરમભાઈ રબારીના હાથ માં લાકડી હતી જે લાકડી પણ વાંસ ની હતી જે લગભગ સાડા ત્રણ ફુટ જેટલી હતી જે ત્રણ ગાંઠો વાળી હતી. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી બતાવવામાં આવે છે જે જોઈ જણાવે છે કે આ તે જ લાકડી છે જે પાંચાભાઈ રાજા ભાઈ રબારી ના હાથ માં હતી અને આ જ લાકડી વડે તેઓને તેમણે માર મારેલો. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.ર વાળી બતાવવામાં આવે છે જે જોઈ જણાવે છે કે આ તે જ લાકડી છે જે પાંચાભાઈ રાજાભાઈ રબારી ના હાથ માં હતી અને આ જ લાકડી વડે તેઓને તેમણે માર મારેલો. હવે તેઓ કહે છે કે, આર્ટીકલ નં.૧ વાળી દેવકરણભાઈ વિરમભાઈ રબારી ના હાથ માં હતી. આમ કઈ લાકડી કયા આરોપી ના હાથ માં હતી તે બાબતે આ સાહેદ સ્પષ્ટ નથી તદઉપરાંત આરોપી પાાસે થી આવો મુદદામાલ કબ્જે કર્યાની હકીકત પુરવાર કરવા પ્રોસીકયુશન ઘ્વારા કોઈ મુદદામાલ રીકવરી પંચો તપાસવા માં આવેલ નથી. આમ આવો કોઈ મુદદામાલ આરોપીઓ પાસે થી કબ્જે લેવામાં આવેલાની હકીકત પુરવાર થતી નથી વધુ માં આ સાહેદએ પુરાવો આપેલ છે કે–આરોપીઓ ને તેઓ ઓળખે છે. જેઓ આજરોજ કોર્ટ માં હાજર નથી. આરોપીઓનો આજ રોજ હાજરી મુકિત રીપોર્ટ હોઈ આરોપીઓ ના વિ.વ.શ્રી એ ઓળખ અંગેની તકરાર જતી કરેલી છે. જયારે બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીઓ તેઓના ગામના છે. આરોપીઓ

તેઓના ગામ ના હોવાથી બનાવ પહેલાથી તેમને ઓળખે છે. આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે. તે જ રીતે સાહેદ નં.૨ ભેમાભાઈ પ્રાણભાઈ ઠાકોર નો પુરાવો જોવામાં આવે તો ને આંક ૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે,તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, ફરીયાદી ચેતનભાઈ તેઓનો દિકરો થાય છે. બનાવ તા.૨૬/૦૧/૨૦૨૧ ના રોજ બનેલ. બનાવ વખતે સવારના આઠ થી નવ વાગ્યાના અરસા માં તેઓ તેઓના ખેતરે હતા ત્યારે તેઓ ના ભત્રીજા આશારામ એ મોબાઈલ ફોનથી તેઓને જણાવેલ કે સાતુનથી રાધનપુર આવતા રસ્તે આવેલ કેનાલ ઉપર વિરમ રબારી, દેવકરણ રબારી, પાંચા રાજા રબારીએ લાકડી વડે ચેતનને મારીને ભાગી ગયેલ છે. તેથી તેઓ તરત જ બનાવ સ્થળે આવેલ જયાં તેઓનો દિકરો ચેતન બેભાન હાલતમાં જમીન પર પડેલ હતો તેને ડાબા હાથે કોણીના ભાગે તથા મોઢા પર લોહી નીકળતુ હતુ. તેઓ ગયેલ ત્યારે આશારામ ત્યાં હાજર હતો.આરોપીઓને તેઓ ઓળખે છે આજે કોર્ટ માં હાજર છે.જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે,બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આરોપીઓ તથા તેઓ એક જ ગામના છે. તેઓને અને આરોપીઓને રોજબરોજ ગામના રહીશ તરીકે મળવાનુ થાય છે. આરોપીઓની તેઓને કે તેઓના દિકરા ચેતનભાઈને કોઈ બીક લાગતી નથી. તે જ રીતે ઈ.પી. કો.કલમ ૫૦૬ (૨) ના ગુન્હા સંદર્ભે જોવામાં આવે તો આરોપીઓએ આપેલ ધમકી ની ફરીયાદી તથા ભોગ બનનાર ઉપર અસર થયેલાની હકીકત પણ પુરવાર થતી નથી. આમ આક્ષેપિત ધમકી થી ભોગ બનનાર ના મન માં ગભરાહટ (ભય ની લાગણી)ઉપસ્થિત થતી ન હોય ત્યારે તેવા ગુન્હા સબબ તહોમતદાર ને દોષીત ઠરાવી શકાય નહી. આમ,આ કિસ્સામાં પણ આરોપી એ આપેલ ગુન્હાહિત ધમકી ની કોઈ અસર ભોગ બનનાર ઉપર થયેલાની હકીકત પણ પુરવાર થતી નથી જેથી,આરોપી ઓ ને તેમની સામેના ઈ.પી.કો.કલમ ૫૦૬ (૨) મુજબ સજાને પાત્ર ગુન્હા ના તહોમત બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પ્રોસીકયુશન તરફે રજુ પુરાવો તે આરોપીઓ વિરુધ્ધ નુ તહોમત સાબીત કરવા પર્યાપ્ત તથા યોગ્ય હોવાનુ ફલીત થતુ નથી. આમ રેકર્ડ પર રજૂ થયેલ સમગ્ર પુરાવા ને ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકા રહીત પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે.કાયદાનો સ્થાપિત સિધ્ધાંત છે કે,ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકા થી પર સાબીત કરવો જોઈએ અને જો તેમા સહેજ પણ કચાશ રહેતો તેનો લાભ આરોપી ને આપવો જોઈએ. આ કામે ફરીયાદપક્ષના પુરાવા ની ચર્ચા કરી તેમ ફરીયાદપક્ષ આરોપી ઓ સામેનો કેસ શંકાથી

પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. ત્યારે તેનો લાભ આરોપી ઓ ને આપવો જોઈએ. આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા ધ્યાને લેતા, ફરીયાદપક્ષ તેમનો કેસ શંકા રહિત સાબિત કરી શકેલ ન હોય ત્યારે આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓને ઈ.પી.કોડ ની કલમ ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે દોષિત ઠરાવી શકાય તેમ ના હોઈ આથી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપીને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ નો હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

**(૧)** આ કામના આરોપી નં.(૧) પાંચાભાઈ રાજાભાઈ રબારી, ઉ.વ.૩૦, (૨) દેવકણભાઈ વિરમભાઈ રબારી,ઉ.વ.૩૦,(૩)વિરમભાઈ લક્ષ્મણભાઈ રબારી,ઉ.વ.૬૨,તમામ રહે સાતુન તા.રાધનપુર,જી.પાટણનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી. કોડ ની કલમ–૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા અને દંડને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ મારક હથીયારનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

**(૩)** આરોપીઓના અગાઉના જામીનખત અપીલ સમય વિત્યા બાદ રદ ગણવા.

**(૪)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૫,૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ માસ ના ગાળા ના દિન–૭ માં આપવા.

ઠરાવ આજ તા.૦૭/૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૭/૩/૨૦૨૬

(દિલીપસિંહ માનસિંહ રાઠોડ)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર જીજે ૦૦૭૪૨